જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૧૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-     સમાચાર યાદી નં.૧૩૯૯/૧૬

**ફેસબુક ઉપર ફ્રેન્ડ બનાવી પ્રેમની જાળમા ફસાવી હોટલ મા લઇ જઇ ખાવા મા ઘેનની દવાઓ નાખી બેભાન કરી પહેરેલા સોનાચાંદીના દાગીનાઓ તથા મોબાઇલો ની ચોરી કરતી બે મહિલા આરોપીઓને ચોરી કરેલ એક સોનાની ચેન તથા બે સોનાની પટી અને બે સેમસંગ કંપની ના મોબાઇલ ફોન મળી કુલ્લે રૂ.૨,૦૪,૨૮૦/- ના મુદામાલ સાથે ઝડપી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ.જાડેજા નાઓનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં કામ કરતા તેઓનાં સ્કોડનાં પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.એન.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે ક્રાઇમબ્રાન્ચ ની કચેરી એ હાજર હતા. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે  કૃષ્ણનગર બસસ્ટેન્ડ પાસેથી આરોપી બહેનો (૧) રીના ઉર્ફે રીન્કુ મોહનભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૮ રહે, બી/૧/૫૬, તક્ષશીલા એપા. નરોડા મુક્તિધામ રોડ નરોડા અમદાવાદ શહેર તથા (૨) ઇલાબેન ઉર્ફે પુજા W/O બીપીનભાઇ જીવરાજભાઇ જાતે પટેલ ઉ.વ.૨૬ રહે, જી/૫૦૪, અભિલાષા એપાટમેન્ટ, ન્યુ ડીમાર્ટ પાસે, નિકોલ રોડ, નિકોલ અમદાવાદ શહેર નાઓને ક્રાઇમબ્રાન્ચ ની કચેરીએ પુછપરછ સારુ લાવી પુછપરછ દરમ્યાન  ચોરીના મુદામાલ સોનાની ચેઇન નંગ-૧ તથા સોનાની પટીઓ નંગ-૨ તથા સેમસંગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૨ મળી કુલ્લે રૂ.૨,૨૪,૨૮૦/- ના મુદામાલ સાથે તા.૩૦/૦૭/૨૦૧૬ પકડી અટક કરવામા આવેલ છે.

પકડાયેલ બંન્ને મહીલા આરોપીઓની પુછપરછ કરતા જણાવેલ કે  આરોપી નં.(૧) ના પિતા અવસાન પામેલ હોય અને એક વર્ષ પહેલા પોતે તેના પતિસાથે છુટાછેડા લીધેલ હોય અને તેની માતા સાથે એકલી રહેતી હોય પૈસાની જરૂરીયાતો ઉભી થતા ગયા જાન્યુઆરી મહિના મા ફેસબુક ઉપર સિમરન શર્મા નામે એકાઉન્ટ બનાવી વડોદરાશહેરના એક યુવક ને પ્રેમ મા ફસાવી મળવા માટે બોલાવી વડોદરા એક અજાણી જગ્યાએ મુલાકાત દરમ્યાન ખાવામા કઢીખિચડીમા ઘેનની દવા નાખી અને બેભાન કરી તે યુવકે પહેરેલ સોનાના દાગીનાઓ અને મોબાઇલો ની ચોરી કરેલ બાદ પોતાના મોબાઇલ નંબર બંધ કરી દીધેલ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

બાદ આરોપી નં.(૧) રીના ઉર્ફે રિન્કુ પ્રજાપતિએ ફેસબુક ઉપર પુજા પટેલ ના નામથી એકાઉન્ટ બનાવેલ છે જેના થકી એકાદ બે મહિના પહેલા ફેસબુકમા રાજકોટ ના દિપક રબારી નામના છોકરા ને ફેસબુક ઉપર ફ્રેન્ડ બનાવી તેની સાથે ચેટીંગ દરમ્યાન એક બીજા ના મોબાઇલ નંબર મેળવેલ જેના ઉપર વોટસએપ તથા ફોન કરી ને વાતોચીતો કરતા હતા અને દિપક નામના યુવકને પ્રેમ મા ફસાવેલ અને તેની સાથે પુજા પટેલ બનીને વાત કરતી હતી તે દરમ્યાન આ દિપકે એકાદ મહિના પહેલા અમદાવાદ ગાંધીનગર ચિલોડા ખાતે મળવા માટે બોલાવેલ જેથી તેની બહેનપણી ઇલા ઉર્ફે પુજા પટેલ ને સાથે લઇ ને પોતાની સાથે નસાની બેભાન કરવાની લાર્કોસ ટુ નામની દવા લીધેલ અને ગાંધીનગર મોટા ચિલોડા ખાતે મળવા માટે ગયલે જ્યા રાત્રિના સાડા દસેક વાગ્યે દિપક તેના એક મિત્ર સાથે આવેલ જેનુ નામ સરનામુ જાણવા મળેલ નથી તેને આ બંન્ને આરોપી બહેનો એ મળેલ અને આરોપી નં(૧) પુજા પટેલ બનીને અને આરોપી નં(૨) એ તેનુ નામ ખુશી નામ જણાવેલ અને દસેક મિનિટ સુધી વાતો કરી ને દિપક અને તેના મિત્ર સાથે  તેની ગાડી મા સાયન્સસિટી પાસે આશીર્વાદ ગોલ્ડ હોટલ મા લઇ ગયેલ અને ત્યા અલગ અલગ બે રૂમ મા રોકાયેલ અને થોડીવાર વાતો કરીને તમામે જમવાનુ મંગાવેલ આ વખતે આરોપી નં(૧) નીએ ચોરી છુપીથી છાસ મા આ ગોળીઓનો ભુકો કરી નાખી દીધેલ અને તે ખાધા પછી દિપક તથા તેનો મિત્ર બેભાન થઇ જતા આરોપી બહેન નં.(૧) નીએ  દિપકે પહેરેલ સોના ના દાગિના સોનાનુ એક કડુ તથા ચેઇન અને ત્રણ મોબાઇલ લઇ લીધેલ અને સવાર ના પાંચેક વાગ્યે બંન્ને આરોપી બહેનો હોટલ માથી નીકળી ગયેલ અને આ ચોરી કરેલ સોનાના દાગીના સોની પાસે જઇ ને સોનાનુ કડુ ભંગાવી ઓગાળી અને પતરુ બનાવી દીધેલ અને મોબાઇલ ફોનો કૃષ્ણનગર સરદારચોક પાસે આવેલ એક મોબાઇલ ની દુકાને વેચી અને નવા બે સેમસંગ કંપની ના જે-૭ મોડલના મોબાઇલ ફોનો લીધેલ. આજરોજ આ બંન્ને આરોપી બહેનો ચોરી કરેલ સોના ના દાગીનાઓ તથા બે મોબાઇલો સાથે કૃષ્ણનગર બસસ્ટેન્ડ પાસે ઉભેલ હતા તે દરમ્યાન તેઓને પકડી અટક કરેલ છે અને આ બાબતે સોલા પોલીસ સ્ટેશન । ગુ.ર.નં.૧૪૪/૨૦૧૬ ઇપીકો કલમ ૩૭૯,૩૨૮,૧૧૪ મુજબના ગુન્હાના કામે સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)